GJGS050016482025

सत्यमेव जयते

| **સુત્રાપાડાના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં**<br>**રજુ તાઃ**–૦૯/૧૨/૨૦૨૫<br>**દાખલ તાઃ**–૦૯/૧૨/૨૦૨૫<br>**ફોજદારી કેસ નં.**–૧૧૮૩/૨૦૨૫<br>**ગુ.ર.નં. –** ૦૭૦૧/૨૦૨૪<br>**ફેસલ તાઃ**–૦૩/૦૪/૨૦૨૬<br>**આંકઃ–** | |
|---|---|
| **ફરિયાદી** | **શ્રી સરકાર** |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી એન.જે.જેઠવા. |
| **આરોપીઃ–** | **ગૌતમભાઇ કરશનભાઇ ચુડાસમા,**<br>ઉં.આ.વ–૨૫, ધંધોઃ–મજુરી,<br>રહેવાસી :–દેદાની દેવળી, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ. |
| આરોપી તરફે | વિ.વ. શ્રી વી.ડી.કામળીયા. |

## –// **<u>ફોર્મ–બી</u>** //–

| | |
|---|---|
| બનાવની તારીખ | તા.૧૧/૦૯/૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૧૧/૦૯/૨૦૨૪ |
| ચાર્જશીટ કર્યા તારીખ | તા.૦૨/૧૨/૨૦૨૫ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૦૯/૦૩/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | તા.૦૯/૦૩/૨૦૨૬ |
| જજમેન્ટ પર મુક્યા તારીખ | તા.૦૩/૦૪/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યા તારીખ | તા.૦૩/૦૪/૨૦૨૬ |
| સજાનો હુકમ | નિર્દોષ ઠરાવેલ છે |

## –// **<u>આરોપીની વિગત</u>** //–

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમ | છુટી ગયો કે સજા થઇ | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **ગૌતમભાઇ કરશનભાઇ ચુડાસમા** | ૧૧.૦૯.૨૦૨૪ | ૧૧.૦૯.૨૦૨૪ | પ્રોહી.કલમ–૬૫(એએ), ૯૮(૨), ૯૯, ૮૧ | નિર્દોષ ઠરાવેલ છે | – | – |

## –// ફોર્મ–સી //–

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક પુરાવા રજુ કરેલો છે.**

| અ.નં. | આંક | સાહેદનુ નામ | રિમાર્કસ |
|---|---|---|---|
| (૧) | ૦૬ | રાહુલભાઇ પાલાભાઇ વાળાની જુબાની. | પંચ સાહેદ |
| (૨) | ૦૮ | પંકજભાઇ દીપકભાઇ વાળાની જુબાની. | પંચ સાહેદ |
| (૩) | ૦૯ | ભાવેશભાઇ ગોવિંદભાઇ મોરીની જુબાની. | ફરિયાદી |

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૭ | મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ. |
| (૨) | ૧૦ | ફરિયાદ. |

## – :: ઠ રા વ ::–

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકે તા.૧૧/૦૯/૨૦૨૪ ના કલાક ૦૧/૧૦ વાગ્યે કોડીનાર વેરાવળ હાઇવે રોડ ગાંગેથા ગામના ફાટક પાસે રોડ પર પોતાના હવાલાવાળી યામાહા કંપનીની કાળા કલરની એમ.ટી.૧૫૦ મોટર સાયકલ રજી.નં.જીજે–૩૨–એ.ડી.–૯૭૦૮, કિંમત રૂા.૪૫,૦૦૦/– વાળીમાં રેકજીનના થેલામાં ભારતીય બનાવટના વિદેશી દારૂ રોયલ સ્પેશ્યલ વ્હીસ્કી દમણ બનાવટની ૧૮૦ એમ.એલ.ની કંપની શીલ પેક બોટલ નંગ–૧૯, કિંમત રૂા.૧,૯૦૦/– તથા ભારતીય બનાવટના વિદેશી દારૂ સ્પેશ્યલ વ્હીસ્કી દમણ બનાવટની ૧૮૦ એમ.એલ.ની કંપની શીલપેક બોટલ નંગ–૨૯, કિંમત રૂા.૨,૯૮૦/– તથા બ્લુ વાદળી કલરનો વિવો કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન નંગ–૦૧, કિંમત રૂા.૨,૦૦૦/– તથા પર્પલ કલરનો આઇફોન કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન નંગ–૦૧, કિંમત રૂા.૪,૦૦૦/– મળી કુલ કિંમત રૂા.૫૫,૮૦૦/– ના પ્રોહી. મુદામાલની હેરાફેરી કરી એકબીજાને મદદગારી કરી પકડાઇ જઇ ગુન્હો કરતા, તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપી વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીને આ અદાલત દ્વારા સમન્સ કરતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક–૪ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જે અન્વયે આંક–૫ થી આરોપીની ગુન્હા અંગેની પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનુ ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો ન હોય જેથી આરોપીનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

(૪) ઉપરોકત હકીકતે કેસના નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

**–:: મુદાઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકે તા.૧૧/૦૯/૨૦૨૪ ના કલાક ૦૧/૧૦ વાગ્યે કોડીનાર વેરાવળ હાઈવે રોડ ગાંગેથા ગામના ફાટક પાસે રોડ પર પોતાના હવાલાવાળી યામાહા કંપનીની કાળા કલરની એમ.ટી.૧૫૦ મોટર સાયકલ રજી.નં.જીજે–૩૨–એ.ડી.–૯૭૦૮, કિંમત રૂ.૪૫,૦૦૦/– વાળીમાં રેકજીનના થેલામાં ભારતીય બનાવટના વિદેશી દારૂ રોયલ સ્પેશ્યલ વ્હીસ્કી દમણ બનાવટની ૧૮૦ એમ.એલ.ની કંપની શીલ પેક બોટલ નંગ–૧૯, કિંમત રૂ.૧,૯૦૦/– તથા ભારતીય બનાવટના વિદેશી દારૂ સ્પેશ્યલ વ્હીસ્કી દમણ બનાવટની ૧૮૦ એમ.એલ.ની કંપની શીલપેક બોટલ નંગ–૨૯, કિંમત રૂ.૨,૯૮૦/– તથા બ્લુ વાદળી કલરનો વિવો કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ–૦૧, કિંમત રૂ.૨,૦૦૦/– તથા પર્પલ કલરનો આઈફોન કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ–૦૧, કિંમત રૂ.૪,૦૦૦/– મળી કુલ કિંમત રૂ.૫૫,૮૦૦/– ના પ્રોહી.

મુદામાલની હેરાફેરી કરી એકબીજાને મદદગારી કરી પકડાઇ જઇ પ્રોહી. એકટની કલમ–૬૫(એએ), ૯૮(૨), ૯૯, ૮૧ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૫)** ઉપરોકત મુદાનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–: નિર્ણય માટેનાં કારણો :–**

**(૬)** સદર કામે આગળ વધતા પહેલા સદર અદાલત નામદાર ગુજરાત વડી અદાલતનાં નિર્ણીત કરેલ **2016(4) GLR 3159 THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR SURJITSING JAT(SHIKH) & others** ના ચુકાદાનો નિર્ણયાધાર વંચાણે લેવાનું ઉચિત સમજે છે, જેમાં ઠરાવેલ છે કે,

*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper."*

વધુમાં આ કામે જો નામદાર ગુજરાત હાઈકોર્ટનો **દીલીપ સાન્શી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત** નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે, *"In absence of specific evidence from technical expert, say, FSL and in the absence of specific evidence regarding quality and quantity of muddamal and in the absence of proper evidence by the witness confirming the seizure from the given place, and in the absence of recovering the muddamal from the person of the accused, and in the absence of providing the link and connection of prohibited articles directly with the applicant, it is difficult to confirm the conviction of the a person."*

**(૭)** આમ, ઉપરોકત ચુકાદાઓનાં ઉજાસમાં સદર કામે રેકર્ડ ધ્યાને લેતા, આ કામે ફરીયાદપક્ષ દ્વારા **આંક–૦૬ થી પંચ સાહેદ રાહુલભાઇ પાલાભાઇ વાળા તથા આંક–૦૮ થી પંચ સાહેદ પંકજભાઇ દીપકભાઇ વાળા નાંઓને તપાસવામાં આવેલ છે. જેના રૂબરૂ આરોપીનાં કબજામાંથી**

**ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દારૂ મળી આવેલ હોવાની હકીકત સબબ ફરીયાદપક્ષનો કેસ છે. તેઓ પોતાની રૂબરૂ આંક–૦૭ વાળુ પંચનામુ થયેલ હોવાની હકીકતનો ઇન્કાર કરેલ છે.** તે જ રીતે સદર કામે ચાર્જશીટ ધ્યાને લેતાં તેમાં ફરીયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે.

(૮) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ દ્વારા આંક–૦૯ થી આ કામનાં **ફરીયાદી ભાવેશભાઇ ગોવિંદભાઇ મોરી** ને તપાસવામાં આવેલ છે અને તેઓના પુરાવામાં આંક–૧૦ થી ફરીયાદ રજુ થયેલ છે. તેઓ પોલીસ સાહેદ છે અને તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષનાં કેસને અનુરૂપ પુરાવો આપેલ છે. આ સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, **પંચોના નામ તેઓએ ફરીયાદમાં જણાવેલ નથી, બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા છે અને ત્યાં માણસોની અવરજવર રહે છે, બનાવના દિવસે તેઓ ઉપલા અધિકારીની સુચનાથી પ્રોહી પેટ્રોલીંગમાં હતા, તેઓને ટ્રાફીક, પ્રોહી, જુગારની ડ્રાઇવ દરમ્યાન તેના કેસો કરવાના હોય છે, બનાવ સ્થળ આરોપીના કબજા માલીકીનુ હોય તે બાબતે તેઓએ કોઇ તપાસ કરેલ નથી.** વધુમા ફરીયાદપક્ષનાં કેસ મુજબ આરોપીનાં કબજામાંથી જાહેરમાંથી વગર પાસ પરમીટનો પ્રોહી મુદામાલ મળી આવેલ છે અને ગુન્હો બન્યાનો સમય ધ્યાને લેતાં ગુના વાળી જગ્યા જાહેર વિસ્તાર હોય ત્યાં માણસોની હાજરી હોવાની શકયતા સ્વાભાવિક જણાય છે. તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઇ વ્યાજબી કારણ રેકર્ડ જોતાં ફલિત થતુ નથી તેમજ આરોપી વિરૂધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોનો પુરાવો જોતાં ફરીયાદપક્ષ આરોપીનાં કબજામાંથી મળી આવેલ પ્રવાહી દારૂ જ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી. તે તમામ સંજોગો રેકર્ડે ફરીયાદમાં આક્ષેપીત બનાવ તેમજ ખરેખર ફરીયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત શંકાસ્પદ જણાય છે.

આમ, રેકર્ડ પરની હકીકત મુજબ જયારે ચાર્જશીટ પરનાં પુરાવાનાં સંજોગોમાં અન્ય સાહેદોને તપાસવા અર્થ સરે તેમ ન હોય તથા

સમયનો વ્યય થાય તેમ હોય, સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈઓ મધ્યે નજર રાખતા આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકતા ન હોય તેમજ **નામદાર સર્વોચ્ચ અદાલતે તેનાં ચુકાદામાં સતીષ મહેરમાં** પ્રસ્થાપિત કરેલ છે, "When judge is certain that there is no prospect of case ending in conviction time of Court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date."

ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટનું અવલોકન ધ્યાને લેતાં હાલનાં કેસમાં પણ મહત્વ અને ચાવીરૂપ પંચ સાહેદો ફરીયાદપક્ષનાં કેસને પુરતા અને નિ:શંક પુરાવાઓથી હાલનો કેસ સાબિત કરી શકે તેમ જણાતુ ન હોય તેમજ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું તથા આરોપી ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સનાં સિધ્ધાંત મુજબ મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા હકકદાર ઠરતા હોવાનું આ અદાલતનું માનવુ હોય, **મુદા નં.૧ નો જવાબ 'નકારમાં' ઠરાવી મુદા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.**

**-: આ ખ રી હુ ક મ :-**

૧. આ કામનાં આરોપી ગૌતમભાઈ કરશનભાઈ ચુડાસમા, રહે.દેદાની દેવળી, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ **નાઓને બી.એન.એસ.એસ.ની કલમ-ર૭૧(૧) અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬પ(એએ), ૯૮(ર), ૯૯, ૮૧** મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ર. મુદામાલ પાવતીમાં જણાવેલ પ્રોહી. મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં સદર કામે કબજે કરવામાં આવેલ મુદામાલ મોબાઈલ નંગ-ર તથા વાહન અંગે વચગાળાના તબકકે કરવામાં આવેલ હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

વધુમાં જો અપીલ સમય પુર્ણ થતા સુધી આ કામે **રીકવર કરાયેલ કોઈ કિંમતી મુદામાલની માંગણી કોઈ વ્યકિત ઘ્રારા કરવામાં ન આવે તો કબજે કરાયેલ મુદામાલને સરકારશ્રી ખાતે ખાલસા** કરવાનો હુકમ કરવામાં

આવે છે.

૩. આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–**૪૮૧ મુજબનાં રૂા.૫૦૦૦/–** ના જામીન રજુ કરવા.

હુકમ આજ રોજ **તા.૦૩, માહે એપ્રિલ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સુત્રાપાડા.
તારીખ : ૦૩/૦૪/૨૦૨૬

**( આર. એમ. ચાવડા )**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**સુત્રાપાડા**
**જજ કોડ નં.જી.જે.૦૧૫૨૪**